અમ તિમિરે તવ તેજ જગવજે, અમ રુધિરે તવ રવ પેટવજે, અમ અંતરમાં તવ પદ ધરજે

**રાજ્યમાં વધુ ૩૭૧ નવા કેસ : અમદાવાદમાં ૨૩૩ : ગાંધીનગરમાં ૦૫**

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૨ | ૨૨ મે, ૨૦૨૦, શુક્રવાર; વૈશાખ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પશ્ચિમ બંગાળમાં અમ્ફાને સર્જી ભારે તારાજી

## તોફાનમાં ૭૨ લોકોના મોત : વડાપ્રધાન મોદીને પશ્ચિમ બંગાળની મુલાકાત લેવાનો મમતાનો અનુરોધ : પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ભારે તબાહી મચાવ્યા બાદ વાવાઝોડુ અમ્ફાન બાંગ્લાદેશ પર પહોંચી ગયું છે : મૃત્યુ પામનાર લોકોને ૨.૫ લાખની જાહેરાત

મુંબઇ, તા.૯

ચક્રવાત અમ્ફાન પશ્ચિમ બંગાળમાં વિનાશ સર્જ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું આંખોથી જોવાની અપીલ કરી છે. અમ્ફાન વાવાઝોડાને કારણે રાજ્યના હજારો મકાનોને નુકસાન પહોંચ્યું છે. આશરે છ લાખ પ્રધાનને બંગાળ આવીને પરિસ્થિતિ જોવાની અપીલ કરીશ. હું મરી ગયેલા લોકોના પરિવારને ૨.૫ લાખ વળતરની જાહેરાત કરું સમયે આખો દેશ પશ્ચિમ બંગાળની સાથે છે. અમે રાજ્યની જનતાની સુખાકારીની ઇચ્છા રાખીએ છીએ. પરિસ્થિતિને મુખ્યમંત્રી નવીન પટનાયક જી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી જી સાથે ચક્રવાતથી સર્જાયેલી પરિસ્થિતિ વિશે વાત





છે કે પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધીમાં ૭૨ લોકોનાં મોત નીપજ્યાં છે. મમતા બેનર્જીએ કહ્યું કે તેમણે આટલી ભયાનક વિનાશ કદી જોઇ નથી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પશ્ચિમ બંગાળ આવીને વિનાશનું દ્રશ્ય પોતાની લોકોને ઘરમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. અમ્ફાન વિશે પ્રેસ કોન્ફરન્સમાં બોલતા મમતા બેનર્જીએ કહ્યું, 'પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી ૭૨ લોકોનાં મોત નીપજ્યાં છે. આજદિન સુધી મેં આવી વિનાશ જોઇ નથી. હું વડા છું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખુદ અમ્ફાનથી પ્રભાવિત રાજ્યો પર નજર રાખી રહ્યા છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું, 'હું અમ્ફાનને કારણે પશ્ચિમ બંગાળમાં સર્જાયેલી વિનાશના દ્રશ્યો જોઈ રહ્યો છું. આ ખૂબ જ મુશ્કેલ સમય છે, આ સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલુ છે. ગૃહમંત્રી અમિત શાહે ઓડિશાના સીએમ નવીન પટનાયક અને બંગાળના સીએમ મમતા બેનર્જી સાથે અમ્ફાનના સંદર્ભમાં ફોન પર વાત કરી છે. તેમણે ટ્વિટ કર્યું, 'મેં ઓડિશાના કરી હતી અને કેન્દ્ર તરફથી તમામ શક્ય મદદની ખાતરી આપી હતી. અમે ચક્રવાત અમ્ફાન પર નજર રાખી રહ્યા છીએ અને સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીએ છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# ઓનલાઈન તેમજ સ્ટેશન કાઉન્ટરથી પણ ટિકિટ મળશે

## રેલવેએ તમામ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી : પહેલી જૂનથી ૨૦૦થી વધુ ટ્રેનો ચલાવવાની જાહેરાત થઇ

નવી દિલ્હી, તા. ૨૧

આખરે કેન્દ્ર સરકારે લોકડાઉનમાં રાહત આપવાનું શરૂ કરી દીધું છે. ભારતીય રેલ્વેએ ૧ જૂનથી ૨૦૦ થી વધુ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. પરંતુ તેનાથી પણ સારી બાબત એ છે કે હવે તમે ઓનલાઇન તેમજ રેલ્વે સ્ટેશન કાઉન્ટરથી ટિકિટ ખરીદી શકશો. કેન્દ્રીય રેલ્વે મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે સામાન્ય લોકોને ખૂબ જ જલ્દીથી રેલ્વે સ્ટેશન કાઉન્ટરથી ટિકિટ મળશે. આ માટે રેલવે વિભાગની ટીમ તમામ સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરી રહી છે. એકવાર તમામ વ્યવસ્થાઓ મળી ગયા બાદ ટિકિટ કાઉન્ટરો સામાન્ય લોકો માટે ખુલી જશે. રેલ્વે મંત્રીએ આશા વ્યક્ત કરી છે કે, આગામી ૧-૨ દિવસમાં કાઉન્ટરથી ટિકિટ ખરીદવાની સેવા પુનઃ સ્થાપિત થઈ શકે છે. ભારતીય રેલ્વેએ કરેલા ટ્વિટ મુજબ ૧ જૂનથી ચાલનારી ટ્રેનોનું બુકિંગ ૨૧ મેની સવારથી શરૂ થઈ ગયું છે. આ ટ્રેનોનો અગાઉથી આરક્ષણ સમયગાળો ૩૦ દિવસનો રહેશે. એટલે કે, તમે ૧ મહિના અગાઉથી ટિકિટ બુક કરી શકો છો. ટ્રેનમાં દરેક વર્ગનું ભાડુ સામાન્ય ભાડુ રહેશે, જે આવી મેઇલ / એક્સપ્રેસ / જન શતાબ્દી પ્રકારની ટ્રેનોમાં હોય છે. આ ટ્રેનોમાં એસી અને નોન એસી બંને કોચ હશે. એટલે કે, તેમની રચના નિયમિત ટ્રેનની જેમ હશે. રેલવે મંત્રાલયે આપેલી માહિતી અનુસાર ૧ જૂનથી રેલ્વે રોજ ૨૦૦ જેટલી વધુ ટ્રેનો દોડાવશે.

# કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૧૩૦૯૮૯ | ૩૩૧૦૭૭ | ૨૦૧૨૩૨૧ |
| ભારત | ૧૧૫૩૯૮ | ૩૫૦૨ | ૪૬૮૬૯ |
| ગુજરાત | ૧૨૯૧૦ | ૭૭૩ | ૫૪૮૮ |
| ગાંધીનગર | ૧૯૮ | ૧૧ | ૯૦ |

# સિનિયર સિટિઝનન્સને ન્યુનતમ પેન્શન ગરેન્ટીની ઘોષણા કરાઈ

## મંત્રીમંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય : પ્રધાનમંત્રી વય વંદના યોજનાનું અમલીકરણ જીવન વિમા નિગમ દ્વારા કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૨૧

સરકારે બુધવારે સિનિયર સિટીઝન્સની સામાજિક સુરક્ષા યોજના પ્રધાનમંત્રી વય વંદના યોજના ત્રણ વર્ષ એટલે કે માર્ચ ૨૦૨૩ સુધી વધારી દીધી છે. નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળી બેઠકમાં યોજના ત્રણ વર્ષ સુધી વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો. પ્રધાનમંત્રી વય વંદના યોજનાનું અમીલકરણ જીવન વીમા નિગમ (એલઆઈસી) દ્વાર કરવામાં આવી રહ્યું છે. આમાં યોજનામાં સામેલ થવા પર ૬૦ વર્ષ અને તેનાથી ઉપરના સિનિયર સિટીઝન્સને ન્યૂનતમ પેન્શનની ગેરેન્ટી આપવામાં આવી છે. સત્તાવાર જાહેરાત અનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વાર્ષિક ૭.૪ ટકા કન્સિડરેશનની ગેરેન્ટી નક્કી છે. તેના બાદ તેના પર કન્સિડરેશનની ગેરેન્ટીની સમીક્ષા વાર્ષિક આધાર પર કરવામાં આવશે. આના પહેલા આ યોજનામાં ૮ ટકા લાભ નક્કી કરાયો હતો.

સરકારની નાણાકીય જવાબદેહી રોકાણ રકમ પર એલઆઈસી દ્વારા મેળવવામાં આવેલા માર્કેટ રિટર્ન અને ૭.૪ ટકાના રિટર્નની વચ્ચે ઓછું પૂરા કરવા સુધી મર્યાદિત છે. આ વ્યવસ્થા ૨૦૨૦-૨૧ માટે છે અને તેના પછી આ યોજના પર વ્યાજ દર વર્ષે વરિષ્ઠ નાગરિક બચત યોજના અનુરૂપ નક્કી થશે. યોજનાના મેનેજમેન્ટ પર પ્રથમ વર્ષના ખર્ચને રોકાણ રકમના ૦.૫ ટકા પર નક્કી કરવામાં આવી છે. બીજા વર્ષથી આગામી નવ વર્ષ સુધી ખર્ચ ૦.૩ ટકા વાર્ષિક નક્કી કરવામાં આવ્યો છે.

# 'આયુષ્યમાન ભારત'નો લાભ એક કરોડથી વધુને મળ્યો : મોદી

ન્યુ દિલ્હી,તા.૨૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે 'આયુષ્યમાન ભારત' યોજનાનો લાભ એક કરોડથી વધુ લોકોને મળ્યો છે અને આ યોજનાની અનેકવ્યક્તિના જીવન પર સકારાત્મક અસર પડી હોવાની વાત એમણે નોંધી હતી.

મોદીએ ૨૦૧૮માં પ્રધાન મંત્રી જન આરોગ્ય-આયુષ્યમાન ભારત યોજનાની શરૂઆત કરી હતી. આ યોજનાને સરકાર દ્વારા ચલાવાતી વિશ્ર્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના હોવાનું ગૌરવ મળ્યું છે.

મોદીએ ટ્વિટર પર લખ્યું હતું કે 'આયુષ્યમાન ભારત' યોજનાનો લાભ એક કરોડથી વધુ લોકોને મળ્યો છે અને અનેક વ્યક્તિના જીવન પર આ યોજનાની સકારાત્મક અસર પડી હોવાની વાત જાણીને દેશનો દરેક નાગરિક ગૌરવ અનુભવશે.

આ યોજનાએ અનેક ભારતીયોનો ખાસ કરીને ગરીબો અને તરછોડાયેલી વ્યક્તિનો વિશ્ર્વાસ જીત્યો છે. આ યોજનાનો લાભ મેળવનાર વ્યક્તિ ઉચ્ચ ગુણવત્તાની સ્વાસ્થ્ય સેવા દેશના કોઇપણ હિસ્સામાં મેળવી શકે છે. આ યોજનાનો લાભ જે લોકો પોતાના ઘરથી દૂર કામ કરતા હોય અથવા તો નોંધણી કરાવેલા સ્થળથી દૂર રહેતા હોય એમને પણ મળે છે.

## છેલ્લે... છેલ્લે...

- કોરોના મહામારી સામે લડવા વર્લ્ડ બેંકે ૧૦૦ દેશોને ૧૬૦ અબજ ડોલરની સહાય જાહેર કરી
- ચીનની ૮૦૦ કંપનીઓને ડિલિસ્ટ કરવાના પ્રસ્તાવને અમેરિકી સેનેટની મંજૂરી
- દુનિયા કોરોનાના બીજા તબક્કા માટે તૈયાર રહે : વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણી
- જર્મનીની ફૂટવેર કંપની ચીનમાંથી ભારતમાં પ્લાન્ટ શિફ્ટ કરશે
- લોકડાઉન ઉઠાવી લેતા ચીનમાં ફરી વાયુ પ્રદૂષણ વધવા લાગ્યું
- નાસાના વૈજ્ઞાનિકોને સમાંતર બ્રહ્માંડ હોવાના પુરાવા મળ્યા
- અયોધ્યામાંથી મળ્યા રામ મંદિરના અવશેષ, પ્રાચીન દેવી-દેવતાઓની મૂર્તિઓ મળી.
- દેશમાં સૌથી વધુ કોરાના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૪૧૬૪૨ |
| તામીલનાજુ | ૧૩૯૬૭ |
| ગુજરાત | ૧૨૯૧૦ |
| દિલ્હી | ૧૧૬૫૯ |
| રાજસ્થાન | ૬૧૫૪ |
| મધ્યપ્રદેશ | ૫૯૮૧ |
| ઉત્તરપ્રદેશ | ૫૩૫૬ |
| પ.બંગાળ | ૩૧૦૩ |
| આંધ્રપ્રદેશ | ૨૬૦૫ |

# વિશ્વભરમાં કેસોની સંખ્યા વધીને ૫૧ લાખને પાર

## વિશ્વમાં રિકવર લોકોની સંખ્યા ૨૦૩૮૫૦૯ પર પહોંચી

નવી દિલ્હી,તા.૨૧

વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. ૨૧૦ દેશોમાં કોરોનાએ આતંક મચાવ્યો છે અને હવે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૧૧૦૧૦૫ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૧ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે.

કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૦૩૮૫૦૯ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૭૪૧૪૯૦ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૩૦૧૦૬ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૬૮૨ પર પહોંચી ચુકી છે.

વિશ્વભરમાં ગંભીર રહેલા દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો હતો. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતી સુધરી રહી નથી. અમેરિકા, રશિયા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે.

# દેશમાં કોરોના બેકાબૂ : દર કલાકે ૨૩૩ કેસ

## દર કલાકે ૫ના મોત : છેલ્લા ૨૪ કલાકમાં ૫૬૦૯ નવા પોઝિટિવ કેસ અને ૧૩૨ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપ સતત વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૬૦૯ નવા કેસ નોંધાયા અને ૧૩૨ દર્દીઓના મોત થયા છે. આ આંકડાઓને પ્રતિ કલાકની રીતે જોઈએ તો દર કલાકે ૨૩૩ કોરોના સંક્રમણના કેસો સામે આવ્યા અને પ્રતિકલાકે પથી વધારે લોકોનાં મૃત્યુ થયા છે. દેશમાં વધી રહેલા કેસોમાં મહારાષ્ટ્રનો ફાળો સૌથી વધારે હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૩૯,૨૯૭ અને મૃત્યુઆંક ૧૩૯૦ પર પહોંચી ગયો છે. તો બીજા નંબરે રહેલા તમિલનાડુમાં સંક્રમિતોનો આંકડો ૧૩ હજારની


● અનુસંધાન પાન-૭ પર

# સામાન્ય લક્ષણો ધરાવનાર દર્દી કોરોના ફેલાવતો નથી

ન્યુ દિલ્હી,તા.૨૧

કોરોના વાયરસને લઈને એક મોટા સમચાર આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી અપાયેલી માહિતી મુજબ જે દર્દીઓમાં કોરોનાના સાધારણ લક્ષણો હોય અથવા જેને તાવ નથી આવતો તે સંક્રમણ ફેલાવી શકતા નથી. આવા દર્દીઓના લક્ષણો શરૂ થયાના ૧૦ દિવસ બાદ ડિસ્ચાર્જ કરવામાં આવે છે. જો તેઓને સતત ૩ દિવસ સુધી તાવ ના આવતો હોય. તેઓને ડિસ્ચાર્જ કરાયા પહેલા ટેસ્ટ કરવાની પણ કોઈ જરૂર નથી. પરંતુ આવા લોકોને ડિસ્ચાર્જ થયા પછી ૭ દિવસ સુધી તેઓએ પોતાના ઘર પર જ આઈસોલેટ રહેવું પડે છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંક મુજબ ભારતમાં ૬૯ ટકા કોરોના મરીજ લક્ષણો વગરના છે.

# ચીને દુનિયામાં નરસંહાર ફેલાવ્યો છે : ટ્રમ્પ



## ચીનની જો બિડેનને રાષ્ટ્રપતિ બનાવવાની ઇચ્છા : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૧૧

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કોરોના વાયરસથી ચીન પર નિશાન સાધ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે દુનિયાભરમાં ફેલાયેલી 'પીડા અને નરસંહાર' પરથી ધ્યાન હટાવવા માટે ચીન એક વિશાળ પ્રચાર અભિયાન ચલાવી રહ્યું છે. ટ્રમ્પે કોવિડ-૧૯ રોગચાળાને લઈને ચીનના સંચાલન અંગે નિરાશા વ્યક્ત કરી હતી અને એવો દાવો કર્યો હતો કે ચીનની અસમર્થતાના પરિણામે વિશ્વભરમાં મોટા પાયે મૃત્યુ થયા છે. ટ્રમ્પે બુધવારે ટ્વિટ કર્યું હતું કે, 'ચીન એક વિશાળ પ્રચાર અભિયાન ચલાવી રહ્યું છે કારણ કે તે સુસ્ત જો બિડેન રાષ્ટ્રપતિ પદની જીત મેળવવાની ઈચ્છા રાખે છે જેથી તે મારા આગમન સુધી દાયકાઓ સુધી અમેરિકાની જેમ તેમનું શોષણ કરવાનું ચાલુ રાખી શકે. તેમણે અન્ય એક

● અનુસંધાન પાન-૭ પર

# કુપવાડામાં લશ્કરના ત્રણ આતંકીની ધરપકડ

જમ્મૂ,તા.૨૧

આતંકવાદ વિરોધી દિવસ પર જમ્મૂ કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા હાંસલ થઈ છે. ઉત્તર કાશ્મીરના કુપવાડામાં ત્રણ આતંકવાદી પકડાયા છે. આતંકવાદીઓ સાથે પૂછપરછ ચાલી રહી છે. આ આતંકવાદીઓની ધરપકડ બાદ કેટલાય અગત્યના ખુલાસા થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઑપરેશન સેનાની ૨૮ આરઆર દ્વારા સફળ બનાવવામાં આવ્યું છે.

કુપવાડામાં સુરક્ષાદળોને સૂચના મળી હતી કે સોગમ વિસ્તારના જંગલ ક્ષેત્રમાં આતંકવાદી ઘુસ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર